શ્રી શત્રુંજય મુક્તિ સમ્યગ્ જ્ઞાન અભ્યાસક્રમ

તૃતિય વર્ષ

C/o. શ્રી વીરબાઈ પાઠશાળા, નાની શાક માર્કેટ પાસે, પાલીતાણા-૩૬૪૨૭૦

[સમ્યગ્જ્ઞાન વિશારદ] અભ્યાસ- ૭

**શુભાશીર્વાદ :** તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ, પ. પૂ. આ. ભ. **શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી** મ.સા.

**દિવ્ય-કૃપા :** આગમ આરાધિકા, બા.બ્ર.પ. પૂ. સા. **શ્રી મુક્તિશ્રીજી** મ.સા., શાસન પ્રભાવિકા પ. પૂ. સા. **શ્રી જયલક્ષ્મીશ્રીજી** મ.સા.

**માર્ગદર્શિકા-પ્રેરીકા : સા. જયદર્શિતાશ્રીજી** M.sc., Ph.D.

**સૌજન્ય : સંઘમાતા અ.સૌ. હંસાબેન હીરાચંદ પટેલ –બાંઢીયા હાલ : ઐરોલી**

# સ્તોત્ર–અર્થ રહસ્ય

## બૃહદ્ શાંતિ – (ચાલુ)

**એષા શાન્તિઃ પ્રતિષ્ઠા-યાત્રા -સ્નાત્રાદ્યવસાનેષુ શાન્તિકલશં ગૃહીત્વા કુઙ્કુમ-ચન્દન-કર્પૂરાગુરુ-ધૂપ-વાસ-કુસુમાઞ્જલિ-સમેતઃ સ્નાત્ર-ચતુષ્કિકાયાં શ્રી સઙ્ઘસમેતઃ શુચિ-શુચિ-વપુઃ પુષ્પ-વસ્ત્ર-ચન્દનાભરણાલઙ્કૃતઃ પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા શાન્તિમુદ્ઘોષયિત્વા, શાન્તિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ ॥૧૯॥**

**શબ્દાર્થ -**

**એષા** –આ

**શાન્તિઃ** –શાન્તિ, શાન્તિપાઠ.

**પ્રતિષ્ઠા-યાત્રા -સ્નાત્રાદ્યવસાનેષુ** –પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્ર આદિ ઉત્સવના અંતે.

**શાન્તિ-કલશમ્** -શાંતિકલશ.
**ગૃહીત્વા** -ધારણ કરીને.
**કુઙ્કુમ-ચન્દન-કર્પૂરાગુરુ-ધૂપ-વાસ-કુસુમાઞ્જલિ-સમેતઃ** - કેસર,-સુખડ[1], કપૂર[2], અગરુનો ધૂપ[3], વાસ[4], અને કુસુમાંજલિ[5] લઇને.
**સ્નાત્ર-ચતુષ્કિકાયાં**-સ્નાત્ર ભણાવવાના મંડપમાં.
**શ્રી સઙ્ઘસમેતઃ** -શ્રીસંઘ સાથે શ્રીસંઘ-શ્રાવક-શ્રાવિકાઓનો સમુદાય.
**શુચિ-શુચિ-વપુઃ**-બાહ્ય -અભ્યંતર મેલરહિત.
**પુષ્પ-વસ્ત્ર-ચન્દનાભરણાલઙ્કૃતઃ** -શ્વેતવસ્ત્ર, ચંદન અને આભરણોથી સુશોભિત થઇને.
**પુષ્પ**-શ્વેત.
**પુષ્પમાલાં કણ્ઠે કૃત્વા**- પુષ્પ હારને ગળામાં ધારણ કરીને.
**શાન્તિપાનીયં** - શાંતિજળ.
**મસ્તકે દાતવ્યમ્**-મસ્તકપર લગાડવું જોઇએ.
**ઈતિ**-એમ.

**અર્થ-સંકલના -**

આ શાંતિપાઠ જિનબિંબની પ્રતિષ્ઠા, રથયાત્રા અને સ્નાત્રવગેરે મહોત્સવની અંતે (બોલવો, તેનો વિધિ એવો છે કે-) કેસર-ચંદન, કપૂર, અગરુનો ધૂપ, વાસ અને અંજલિમાં વિવિધ રંગી પુષ્પો રાખીને, ડાબા હાથમાં શાંતિકલશ ગ્રહણ કરીને (તથા તેના પર જમણો હાથ સ્થાપીને) શ્રી સંઘની સાથે સ્નાત્રમંડળમાં ઊભો રહે. તે બાહ્ય-અભ્યંતર શુદ્ધ થયેલો હોવો જોઇએ તથા શ્વેતવસ્ત્ર, ચંદન અને આભરણથી અલંકૃત થયેલો હોવો જોઇએ. તે પુષ્પહાર કંઠમાં ધારણ કરીને શાંતિની ઉદ્‌ઘોષણા કરે અને ઉદ્‌ઘોષણા કર્યા પછી શાંતિકલશનું પાણી આપે, જે (તેણે તથા બીજાઓએ) માથે લગાડવું જોઇએ...૧૯

**મૂળ -**

(૮. પ્રાસ્તાવિક-પદ્યાનિ)

(ઉપજાતિ)

**(૧) નૃત્યન્તિ નૃત્યં મણિ-પુષ્પ-વર્ષં,**
**સૃજન્તિ ગાયન્તિ ચ મઙ્ગલાનિ ।**
**સ્તોત્રાણિ ગોત્રાણિ પઠન્તિ મન્ત્રાન્,**
**કલ્યાણભાજો હિ જિનાભિષેકે ॥ ૨૦ ॥**

**શબ્દાર્થ -**

**નૃત્યન્તિ નૃત્યમ્** -વિવિધ પ્રકારના નૃત્યો કરે છે,
**મણિ-પુષ્પ-વર્ષં**-રત્ન અને પુષ્પોની વર્ષા.
**સૃજન્તિ** -કરે છે.
**ગાયન્તિ** - ગાય છે.
**ચ** -અને
**મઙ્ગલાનિ** - મંગલ. અષ્ટમંગલમાં નીચેની આકૃતિઓ આલેખવામાં આવે છે :

(૧) સ્વસ્તિક (૨) શ્રીવત્સ (૩) નંદ્યાવર્ત્ત (૪) વર્ધમાનક (૫) ભદ્રાસન (૬) કલશ (૭) મત્સ્ય-યુગલ અને (૮) દર્પણ.

**સ્તોત્રાણિ** -સ્તોત્રો.

**ગોત્રાણિ** -ગોત્રો, તીર્થંકરનાં, ગોત્ર તથા વંશનાં નામો.

**પઠન્તિ** - બોલે છે.

**મન્ત્રાન્**- મંત્રો.

**કલ્યાણભાજઃ** - પુણ્યશાલીઓ.

**હિ** - ખરેખર.

**જિનાભિષેકે** -જિનાભિષેકના સમયે, સ્નાત્રક્રિયા પ્રસંગે.

**અર્થ-સંકલના -**

પુણ્યશાલીઓ જિનેશ્વરની સ્નાત્રક્રિયા પ્રસંગે વિવિધ પ્રકારનાં નૃત્યો કરે છે, રત્ન અને પુષ્પની વર્ષા કરે છે, (અષ્ટમંગલાદિનું આલેખન કરે છે તથા ) માંગલિક સ્તોત્રો ગાય છે અને તીર્થંકરના વંશના ગોત્રો (નામો) તથા મંત્રો બોલે છે. ૨૦.

**મૂળ -**

(ગાથા)

**(૨) શિવમસ્તુ સર્વજગતઃ પર-હિત-નિરતા ભવન્તુ ભૂતગણાઃ।**
**દોષાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવતુ લોકઃ ॥૨૧॥**

**શબ્દાર્થ-**

**શિવમ્** -કલ્યાણ.

**અસ્તુ** -હો, થાઓ.

**સર્વજગતઃ** -અખિલ વિશ્વનું.

**પર-હિત-નિરતાઃ** -પરોપકારમાં તત્પર. **પરહિત**- પરોપકાર. **નિરત**-તત્પર.

**ભવન્તુ** -થાઓ.

**ભૂતગણાઃ** - પ્રાણીઓના સમૂહ, પ્રાણીઓ.

**દોષાઃ** -વ્યાધિ, દુઃખ, દૌર્મનસ્યાદિ.

**પ્રયાન્તુ નાશં** - નાશ પામો.

**સર્વત્ર** -સર્વ સ્થળે.

**સુખી** -સુખ ભોગવનારા.

**ભવતુ** -થાઓ.

**લોકઃ** -મનુષ્યજાતિ, મનુષ્યો.

**અર્થ-સંકલના-**

અખિલ વિશ્વનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરોપકારમાં તત્પર બનો, વ્યાધિ-દુઃખ-દૌમર્નસ્યાદિ નાશ પામો અને સર્વ સ્થળે મનુષ્યો સુખ ભોગનારા થાઓ... ૨૧

**મૂળ-**

**(૩) અહં તિત્થયર-માયા, સિવાદેવી તુમ્હ નયર-નિવાસિની।**
**અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા॥૨૨॥**

**શબ્દાર્થ-**

**અહં** -હું.
**તિત્થયર-માયા**-તીર્થંકરની માતા.
**સિવાદેવી** -શિવાદેવી.શ્રી અરિષ્ટનેમિ તીર્થંકરની માતાનું નામ શિવાદેવી છે.
**તુમ્હ** -તમારા.
**નયર-નિવાસિની** -નગરમાં રહેનારી.
**અમ્હ** -અમારું.
**સિવં** -શ્રેય.
**તુમ્હ** -તમારું.
**સિવં**-કલ્યાણ.
**અસિવોવસમં** - ઉપદ્રવનો નાશ કરનારું.
**સિવં** -કલ્યાણ.
**ભવતુ** -હો.
**સ્વાહા**-સ્વાહા.

**અર્થ-સંકલના-**

હું શ્રીઅરિષ્ટનેમિ તીર્થંકરની માતા શિવાદેવી તમારા નગરમાં વસું છું, તેથી અમારું ને તમારું શ્રેય થાઓ, તેમજ ઉપદ્રવોનો નાશ કરનારું કલ્યાણ થાઓ. સ્વાહા. ૨૨.

**મૂળ-**

(અનુષ્ટુપ્)

**(૪) ઉપસર્ગાઃ ક્ષયં યાન્તિ, છિદ્યન્તે વિઘ્ન-વલ્લયઃ ।**
**મનઃ પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે ॥૨૩॥**

**શબ્દાર્થ-** પૂર્વવત.

**અર્થ-સંકલના -**

શ્રી જિનેશ્વરદેવનું પૂજન કરતાં સમસ્ત પ્રકારનાં ઉપસર્ગો નાશ પામે છે. વિઘ્નરૂપી વેલીઓ છેદાઇ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે. ૨૩

**મૂળ-**

**(૫) સર્વ-મઙ્ગલ-માઙ્ગલ્યં, સર્વ-કલ્યાણ-કારણમ્,**
**પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૨૪॥**

**શબ્દાર્થ-** પૂર્વવત.

**અર્થ-સંકલના-**

સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોનાં કારણરૂપ અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ એવું જૈનશાસન (પ્રવચન) સદા જયવંતુ વર્તે છે....૨૪

# જિનશાસનના મહાપ્રભાવક આચાર્ય ભગવંતો

## લક્ષ ક્ષત્રિય પ્રતિબોધ

## ૧૩ શ્રી જયસિંહસૂરિ

**આધાર ગ્રંથ :**
**અચલગચ્છ દિગ્દર્શન – શ્રી પાર્શ્વ**

લાખો ક્ષત્રિયોને પ્રતિબોધ આપીને તેમને જૈન ધર્મના રંગે રંગનાર પ્રભાવક આચાર્યોમાં જયસિંહસૂરિ આગલી હરોળમાં સ્થાન ધરાવે છે. વિ.સં. ૧૧૭૯માં તેમનો જન્મ કોંકણ પ્રદેશ અંતર્ગત સોપારા પટ્ટણમાં થયો. તેમનું પૂર્વાશ્રમનું નામ જેસિંગકુમાર. પિતા ઓસવાળ વંશીય વ્યવહારી દાહડ. માતા નેઢી. શ્રેષ્ઠી દાહડ કોટિધ્વજનું ગૌરવ ધરાવતા હતા. ગૂર્જરેશ્વર સિદ્ધરાજ સાથે તેમને વ્યક્તિગત સંબંધ હતો, જે દ્વારા તેમના ઉચ્ચ સ્થાનનું સૂચન મળી રહે છે. એ અરસામાં કોંકણ પ્રદેશ ઉપર ગૂર્જરેશ્વરોની આણ વર્તતી.

જેસિંગના જન્મ પહેલાં માતા નેઢીએ સ્વપ્નમાં પૂર્ણ ચંદ્ર જોયો હતો. પટ્ટાવલીમાં એવું વર્ણન છે કે સ્વપ્નમાં તેણીએ મંદિરના શિખર ઉપર સુવર્ણ કળશ ચડાવ્યો હતો અને એટલે જેસિંગનું લાડનું નામ જિનકલશ રખાયું. આ અસાધારણ સ્વપ્ન જોઇને માતાને કૌતુક થયું. વલ્લભીગચ્છના આચાર્ય ભાનુપ્રભસૂરિ જેઓ તે વખતે સોપારામાં બિરાજમાન હતા. તેમની પાસે એ વાત નિવેદિત કરતાં આચાર્યે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી કે– ''આ શુભ શકુન એવું સૂચવે છે કે જૈન શાસનને યશકલગી અપાવે એવો મેઘાવી બાળક આપની કૂખે અવતરશે, સંસારનો ત્યાગ કરી તે સંયમ માર્ગ અપનાવશે.'' આ સાંભળીને માતા-પિતા ઘણાજ હર્ષિત થયાં.

બન્યું પણ એવું જ. સોપારામાં પધારેલા આચાર્ય કક્કસૂરિના મુખેથી જંબુચરિત્રનું શ્રવણ કરતાં જેસિંગના હૃદયમાં વૈરાગ્યનાં અંકુરો પ્રકટ્યાં અને જંબુકુમારની જેમ દીક્ષા ગ્રહણ કરવાના તેને કોડ જાગ્યા. તે વખતે તેમની ઉંમર માત્ર સત્તર વર્ષની હતી.

મહાન થવા સર્જાયેલા બાળકની ઇચ્છાને આડે કોઇ મા-બાપ આવે ખરાં ? શ્રેષ્ઠી દાહડ અને શ્રાવિકા નેઢી બાળકના મનની વાત પહેલેથી જ જાણતાં હતાં અને એટલે તેમણે જેસિંગ પોતાનો ભાવિ માર્ગ સ્વેચ્છાએ નક્કી કરી શકે એવા ખ્યાલથી તેને તીર્થયાત્રાએ મોકલ્યો. પોતાના ઇચ્છિત આદર્શની દિશામાં બાળક આગળ વધે એજ સારું.

પોતાના પરમ મિત્ર આશધર-અપરનામ શુભદત્તની સાથે તીર્થાટન કરતો જેસિંગ ખંભાત, ભરૂચ વગેરે મહાનગરો ફરી શ્રી પંચાસરા પાર્શ્વનાથના દર્શનાર્થે પાટણમાં પહોંચ્યો. તે કાળે પાટણની સમૃદ્ધિ ઓર હતી. ભારતવર્ષનાં ઉત્કૃષ્ટ નગરોમાં એની ગણના થતી હતી. પાટણની જાહોજલાલી માત્ર

ધનકુબેરોથી કે રાજનીતિજ્ઞોથી જ નહોતી. ઉગ્ર તપસ્વીઓ અને પ્રખર વિદ્વાનોનું પણ પાટણ પ્રમુખ ધામ હતું. ગુજરાતની રાજ્યલક્ષ્મી તેમજ સંસ્કારલક્ષ્મી એ અરસામાં ચરમ કળાએ ખીલી હતી. ત્યાં પધારતા અનેક પ્રવાસીઓની જેમ જેસિંગે પણ તે અનુભવ્યું.

જેસિંગે મહારાજા સિદ્ધરાજની પણ મુલાકાત લીધી, અને તેને એક લાખ ટંકના મૂલ્યનો હીરાજડિત હાર ભેટણામાં આપ્યો. સિદ્ધરાજે તેને બેટા કહીને સંબોધન કરેલું. અને તેનું અંગત વ્યક્તિ તરીકે સન્માન કરેલું. રાજાએ પાટણ આવવાનું પ્રયોજન પૂછતાં જેસિંગે દીક્ષા લેવાની પોતાની અંગત ભાવના વ્યક્ત કરી. રાજાએ તેને થરાદમાં બિરાજતા આચાર્ય આર્યરક્ષિતસૂરિ પાસે દીક્ષા ગ્રહણ કરવાનું સૂચવ્યુ. અંચલગચ્છ-પ્રવર્તકજીના ઉદાત્ત ચારિત્ર્યથી રાજા ઘણો જ પ્રભાવિત થયો હતો. જેસિંગે પણ એમના વિશે ઘણું સાંભળ્યું હતું.

સિદ્ધરાજની પ્રેરણાથી જેસિંગ થરાદ ગયો. સૂરિ દેવદર્શને ગયા હોવાથી તે ઉપાશ્રયમાં બેઠો. તેની નજર ઠવણી ઉપર મૂકેલા દશવૈકાલિકસૂત્ર પર પડતાં એ ગ્રન્થ લઇને તે વાંચવા માંડ્યો. તેની સાતસો ગાથાઓ માત્ર એક વખત વાંચવાથી જ તેને કંઠસ્થ થઇ ગઇ ! થોડીવારમાં સૂરિ આવી પહોંચ્યા. બાળકની એકાગ્રતા અને બુદ્ધિમત્તા જોઇને તેઓ આશ્ચર્યચકિત થઇ ગયા. હોંશે હોંશે તેમણે બાળકના આગમનનું કારણ પૂછ્યું અને તેઓ બધી વિગતોથી અવગત થયા. આવા મેધાવી બાળકને કોણ શિષ્ય તરીકે ન સ્વીકારે ?

વિ.સં. ૧૧૯૭ માં થરાદમાં મહોત્સવપૂર્વક તેને દીક્ષા આપીને તેનું યશચંદ્ર એવું નામ રાખ્યું. ત્યારથી ગુરુ અને શિષ્યની મહાન જોડલીએ અપ્રતિમ કારકીર્દિ દ્વારા જૈન ઇતિહાસમાં આગવું પ્રકરણ આલેખ્યું. ગુરુએ જે વિચાર -ઇમારતનો પાયો નાખ્યો હતો તેને ભવ્ય આકાર આપનાર શિષ્ય હવે તેમને મળી ગયો. આવો યોગ દુર્લભ હોય છે.

નવોદિત શિષ્યની દેહકાંતિનું વર્ણન ધ્યાનાકર્ષક છે. પટ્ટાવલીકાર જણાવે છે કે સોળ અંગુલ લાંબુ, સાત અંગુલ પહોળું, જાણે કુંકુમના તિલકથી અંકિત ન હોય એવા ઉત્તમ લક્ષણવાળું તેમનું લલાટ હતું. એમની ચિત્તશક્તિ પણ અદ્ભૂત હતી. પ્રથમ વાંચનથી જ તેમને બધું કંઠસ્થ થઇ જતું. ત્રણેક વર્ષમાં ત્રણ કરોડ શ્લોક-પરિમાણ ગ્રન્થો તેમની જીભને ટેરવે રમતા થયા ! વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, છંદ; અલંકાર, આગમ આદિ વિવિધ શ્રુત-સાગરના તેઓ પારગામી થયા. કવિઓએ ''સાત કોટિ ગ્રન્થ મુખે જેહને'' એવું કહીને એમના વિદ્યાવ્યાસંગને નવાજ્યો છે.

જેવું જ્ઞાન એવાં જ કાર્યો. એમનાં સમ્યક્ત્વ વિશે વર્ણન કરવાનું પણ કવિઓ ચૂક્યા નથી. ગુર્વાવલીમાં જણાવાયું છે કે તેઓ શિષ્ય-પરિવાર સહિત બે દિવસને અંતરે વિહાર કરતા. પ્રાયઃ ગામડામાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ રહેતા. આ રીતે ઉગ્ર વિહારી અને કઠોર તપસ્વી તરીકે તેઓ પંકાયા હતા.

વિ.સં. ૧૨૦૨ માં તેમને પાવાગઢ નિકટના મંદઉર નગરમાં આચાર્યપદે વિભૂષિત કરવામાં આવ્યા,

અને જયસિંહસૂરિ એવું તેમનું નામાભિકરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે વડોદરા, ખંભાત વગેરે નગરોમાંથી વિશાળ સમુદાય પધારેલો. ચંદ્રગચ્છીય મુનિચંદ્રસૂરિ સંતતીય આચાર્ય રામદેવસૂરિ જેવા અન્ય ગચ્છીય મહાનુભાવોએ આ પ્રસંગમાં આગેવાનીભર્યો ભાગ લીધો. મંદઉરના શ્રી પાર્શ્વનાથ જિનાલયમાં ઉજવાયેલા આ ધન્ય પ્રસંગે રાઉત ચંદ્ર નામનો શ્રેષ્ઠીવર્ય, જે ઉક્ત રામદેવસૂરિનો પરમ ભક્ત શ્રાવક હતો તેણે ઘણું ધન ખરચ્યું. એ શ્રાવક અચલગચ્છીય નહોતો એ વાત અહીં ઘણી જ મહત્વની છે, કેમ કે પહેલાં ગચ્છવ્યવસ્થા સંકુચિત માનસ પર આધારિત ન હતી તેનું આવા પ્રસંગો દ્વારા સ્પષ્ટ સૂચન મળી રહે છે.

રામદેવસૂરિના આચાર્યપદ મહોત્સવમાં જયસિંહસૂરિએ પણ ઉમંગપૂર્વક ભાગ લીધેલો અને અંચલગચ્છીય શ્રાવકોએ એ પ્રસંગે ઘણું ધન ખર્ચેલું એ વાત પણ અહીં નોંધનીય છે. વિવિધ ગચ્છો વચ્ચેના આવા સ્નેહભાવભર્યા પ્રસંગો ખરેખર, પ્રેરક છે. વિવિધ ગચ્છો એક બીજાના પ્રતિસ્પર્ધી છે એવી માન્યતા કેટલી ભ્રાન્તિયુક્ત છે તેની પ્રતીતિ આવી હકીકતોથી સહેજે થઇ શકશે.

બધા જ શ્વેતાંબર સંપ્રદાયોમાં એ વખતે અપૂર્વ એકતા હતી તેનું સૂચન વિ. સં. ૧૧૮૧ માં થયેલા દિગંબરો અને શ્વેતાંબરો વચ્ચેના ઐતિહાસિક વાદ-વિવાદથી પણ મળે છે. સમગ્ર દિગંબર સંપ્રદાયની આગેવાની કર્ણાટકના સમર્થ વિદ્વાન કુમુદચંદ્ર ભટ્ટારકે લીધેલી. શ્વેતાંબર સંપ્રદાયના કર્ણધાર હતા વાદીદેવસૂરિ શાસનના ઐક્યની આવશ્યકતા વખતે ગચ્છોની ભેદરેખા પહેલાં કદિયે આડી આવી નથી. પરિણામે દિગંબર સંપ્રદાયને શ્વેતાંબરોની હોડમાં ઉતરવું પડ્યું, જે તેમના હિતની વિરૂદ્ધ પુરવાર થયું. જો ગચ્છ-સ્પર્ધા હોત તો પરિણામ વિપરિત આવત એમાં શંકા નથી. ઐતિહાસિક દૃષ્ટિએ ઉક્ત પ્રસંગ ઘણોજ મહત્ત્વનો છે. વાદમાં દિગંબરોનો પરાજય થયો હતો આથી એમનું પ્રભુત્વ ગુજરાતમાંથી ઓસરતું ગયું.

એક વખતે રાજા કુમારપાલ પૂજા કરતો હતો ત્યારે મુંગીપટ્ટણથી આવેલા તેના મિત્રે કહ્યું કે આપનું પીતાંબર પવિત્ર નથી. રાજાએ તેનું કારણ પૂછતાં પરદેશીએ જણાવ્યું કે – '' અમારો રાજા મદનભ્રમ પહેલાં બધાં જ વસ્ત્રોને તેની શૈયામાં મૂકાવે છે. ત્યાર બાદ તેની નિકાસ થાય છે ! '' રાજા આ સાંભળીને આશ્ચર્ય ચકિત થઇ ગયો. પોતાના ગુપ્તચરો દ્વારા તેણે આ વાતની ખાત્રી કરી. અને મુંગીપટ્ટણના વણકરોને પાટણમાં વસાવવાનો તેણે નિશ્ચય કર્યો. વણકરોના આગેવાનોએ રાજાની વાત સ્વીકારી, પરંતુ એવી શરત મૂકી કે અમારી સમગ્ર શાલવી જ્ઞાતિ, અમારા ગુરુ છત્રસેન ભટ્ટારક તથા ઇષ્ટદેવ-દેવીઓની મૂર્તિઓ સહિત આવીએ. રાજાએ એમની શરત સ્વીકારી એટલે સમગ્ર શાલવી જ્ઞાતિએ પાટણમાં આવીને કાયમી વસવાટ કર્યો. તેમની વસ્તીથી સાત પુરા વસ્યા. પોતાના કૌશલ્યથી તેમણે પાટણની કીર્તિ વિસ્તારી. પાટણ પટોળાથી પ્રસિદ્ધ થયું.

તેઓ દિગંબર સંપ્રદાયના હોવાથી રાત્રિપૂજા કરતા તે રાજાને ગમતું નહિ. તેઓ શ્વેતાંબર થાય તો સારું એવો તેને વિચાર આવ્યો. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે શાલવીઓના ગુરૂ છત્રસેન ભટ્ટરક તથા

ચરિત્રનાયક વચ્ચે વાદ કરાવવાનું સૂચવ્યું. હારનાર પોતાના શિષ્ય-સમુદાય સહિત જીતનારનો સંપ્રદાય સ્વીકારે એવું ઠરાવવામાં આવ્યું. બન્ને પક્ષો આ અંગે સંમત થતાં બન્ને વચ્ચે વાદ થયો, જે સાત દિવસ સુધી ચાલ્યો. અંતે ચરિત્રનાયક જીત્યા. શરત મુજબ છત્રસેન ભટ્ટારક જયસિંહસૂરિના શિષ્ય થયા. તેમના અનુયાયીઓએ પણ શ્વેતાંબર સંપ્રદાયનો સ્વીકાર કર્યો. તેમના ઇષ્ટદેવ-દેવતાઓની પ્રતિમાઓને પણ કણદોરો કરાવીને શ્વેતાંબર પરંપરાની કરી. તેમાંની શ્રી નેમિનાથ, શ્રી આદિનાથ અને શ્રી પદ્માવતી દેવીની પ્રતિમાઓ અનુક્રમે પાટણની ત્રિસેરી પોળ, રાજનગરમાં ઇલમપુર, તેમ જ જમાલપુરમાં છે એવા જૂના ઉલ્લેખો મળે છે.

છત્રસેનનું નામ છત્રહર્ષ રાખવામાં આવ્યું. એમનાથી તેમનો શિષ્યપરિવાર અંચલગચ્છમાં હર્ષશાખાથી પ્રસિદ્ધ થયો. તેમના દિગંબરી શિષ્યોએ પણ તેમની સાથે અંચલગચ્છીય સામાચારીનો સ્વીકાર કર્યો, અને તેમને સૌને હર્ષ શાખામાં દીક્ષિત કરવામાં આવ્યા.

એ સમયમાં મુસલમાનોના અનિયંત્રિત હુમલાઓએ ભારતવર્ષમાં ત્રાસનું સામ્રાજ્ય ફેલાવી દીધેલું. વિધર્મી હુમલાઓથી પોતાની સંસ્કૃતિનું રક્ષણ કરવાની કઠિન જવાબદારી ભારતવાસીઓએ બજાવવાની હતી. આવા સમયમાં જૈનોએ પણ પોતાની ફરજો દૃઢતાથી નિભાવી હતી. કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય એવા વિચારના હતા કે શ્વેતાંબર સંપ્રદાયની એકતા સુદૃઢ કરવા માટે બધા જ ગચ્છોએ સમાન સામાચારી અનુસરવી. જેથી જુદાઇની ભાવના પણ ના રહે. તેમણે વાહકગણિ દ્વારા જયસિંહસૂરિને સૂચવ્યું કે બેણપતટથી સંઘ એકત્રિત કરીને સૌ સમાન સામાચારી સ્વીકારવાની પહેલ કરે. ચરિત્રનાયક સંમત થયા પરંતુ કેટલાક વિઘ્નસંતોષીઓએ આ પ્રસ્તાવને હાની પહોંચાડી. સમાન સામાચારીના વિચારને તોડી પાડવા પક્ષાપક્ષીનું ઉગ્ર વાતાવરણ તૈયાર કરવામાં આવ્યું અને ખુદ જયસિંહસૂરિ પાછળ મારાઓ મોકલવાનું ષડ્યંત્ર રચવામાં આવ્યું ! જો કે એ દુષ્ટો જ અંદરોઅંદર લડવા લાગ્યા અને અંતે જયસિંહસૂરિએ જ એને બચાવ્યા ! આવા કલુષિત વાતાવરણમાં મૂળ પ્રસ્તાવ દૂર ઠેલાઇ ગયો.

સમાન સામાચારીના સંદર્ભમાં બીજી એક આખ્યાયિકા પણ પટ્ટાવલીકાર વર્ણવે છે. કુમારપાલ રાજાને કોઇ ઇર્ષાળુ શ્રાવકે ચડાવ્યા કે ''આપ ભાદરવા શુદી ૪ ને દિવસે સાંવત્સરિક પર્વનું આરાધન કરો છો પરંતુ અહીં કેટલાક મુનિઓ ૫ ને દિવસે તે પર્વ આરાધે છે. આવો ધર્મભેદ આપના નગરમાં શોભે નહિ ! '' આથી રાજાએ ઉતાવળમાં હુકમ કર્યો કે પાંચમને દિવસે સાંવત્સરિક પર્વના હિમાયતીઓએ આજથી મારા નગરમાં રહેવું નહિં.

રાજાની આજ્ઞાથી અનેક ગચ્છના મુનિઓ પાટણમાંથી વિહાર કરી ગયા. પરંતુ જયસિંહસૂરિ ત્યાંજ રહ્યા. તેમણે વ્યાખ્યાનમાં નવકાર મંત્રનું વિવરણ શરૂ કર્યું હતું. એટલે રાજાને તેમણે કહેવડાવ્યું કે એ વિવરણ પૂરૂં કરીને જાય કે અધૂરૂં મૂકીને જાય ? જયસિંહસૂરિનું પાંડિત્ય સુવિદિત હોઇને રાજા સમજી ગયો કે વર્ષો સુધી તેઓ નવકારમંત્રનું વિવરણ કરવા સમર્થ છે આથી રાજાએ ઉપાશ્રયમાં સ્વયં જઇને તેમની

ક્ષમા યાચી જયસિંહસૂરિ પાટણમાં રાજાની વિરુદ્ધ અડગ રહ્યા હોવાથી તેમનો સમુદાય અચલગચ્છ તરીકે ઓળખાયો એવી ઉક્તિ પ્રચલિત છે.

કુમારપાલ સાથે ચરિત્રનાયકનો સંપર્ક વર્ષોજૂનો હતો. રાજાની પ્રેરણાથી ચરિત્રનાયકે તારંગા તીર્થની યાત્રા કરેલી. રાજાએ આ તીર્થનો ઉદ્ધાર કરાવ્યા બાદ યાત્રા કરનાર જયસિંહસૂરિ સૌ પ્રથમ આચાર્ય હતા એ બાબત ખાસ ઉલ્લેખનીય છે.

ચરિત્રનાયકને લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક તરીકે જૈન ઇતિહાસમાં ચિર કીર્તિ પ્રાપ્ત થઇ હોઇને એ વિષયક કેટલાક પ્રસંગો પણ અહીં પ્રસ્તુત છે. ક્ષત્રિયોએ જૈનાચાર્યોના ઉપદેશથી પ્રતિબોધ પામીને જૈનધર્મ સ્વીકારેલો અને તેમને ઓશવાળ જ્ઞાતિમાં સમ્મિલિત કરવામાં આવેલા. ભગવાન પાર્શ્વનાથની પરંપરામાં છઠ્ઠા પટ્ટધર રત્નપ્રભસૂરિએ ઓશનગરમાં લાખો ક્ષત્રિયોને જૈનધર્મી કર્યા એ ઐતિહાસિક ઘટના પછી આ પ્રક્રિયા પૂર્ણ વેગે ચાલુ રહેલી ઠેઠ વિક્રમના ૧૬ મા સૈકા સુધી.

વિ. સં. ૧૨૦૮માં જયસિંહસૂરિ વિહરતા હસ્તિતુંડમાં પધાર્યા. ત્યાંના રાજા અનંતસિંહ રાઠોડે સૂરિનો ઉપદેશ સાંભળીને જૈનધર્મનો સ્વીકાર કર્યો. કહેવાય છે કે રાજા જલોદરના અસાધ્ય રોગથી પીડાતો હતો. સૂરિના પ્રભાવથી તેનો રોગ દૂર થયેલો. રાજા અનંતસિંહે શત્રુંજયની યાત્રા કરી, હસ્તિતુંડમાં શ્રી વીરપ્રભુનો પ્રાસાદ બંધાવ્યો. તેના વંશજો ઓસવાળ જ્ઞાતિમાં ભળીને હથુડિયા રાઠોડ ગોત્રથી ઓળખાયા. અનંતસિંહના આગ્રહથી એ વર્ષે સૂરિ ત્યાં ચાતુર્માસ રહેલા.

રાજસ્થાન અતંર્ગત કોટડામાં યદુવંશી સોમચંદ રાજ્ય કરતો હતો. તેની પાસે ૫૦૦૦ સુભટોનું સૈન્ય હતું તેની મદદથી તે આસપાસ લૂટફાટ કરતો. એ અરસામાં જયસિંહસૂરી ૫૦૦ શિષ્યો સહિત ઉમરકોટથી જેસલમેર વિહાર કરતા હતા. માર્ગમાં સોમચંદ તેમને સામો મળ્યો. તેણે જે કાંઇ મિલ્કત હોય તે સોંપી દેવાનો પડકાર ફેંક્યો. જયસિંહસૂરિએ આનાકાની વિના સાધુઓના ઉપકરણો ધરી દીધા. આથી સોમચંદ આશ્ચર્યચકિત થઇ ગયો. જયસિંહસૂરિના પ્રભાવના બંધનમાં તે જકડાઇ ગયો હોય એમ તેને લાગ્યું. સૂરિનો ઉપદેશ સાંભળીને તેના હૃદયનું પરિવર્તન થયું અને તેણે વિ. સં. ૧૨૧૧ માં જૈનધર્મ સ્વીકાર્યો. લૂટફાટ ન કરવાનું તેણે વચન આપ્યું. પારકરના ચાંદણ રાણાએ સાક્ષી પુરી. તેનાપુત્ર ગાલા પરથી તેનો વંશ ગાલા ગોત્રથી પ્રસિદ્ધ થયો. સોમચંદે સૂરિના ઉપદેશથી કોટડામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું તથા ગોત્રદેવી વીસલમાતાનું મંદિર બંધાવ્યું. સવા મણ સુવર્ણની શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા કરાવી તથા તેના ઉપર હીરા માણેક જડિત છત્ર કરાવ્યું.

ભાલેજ નિકટના નાપા ગામના વીસા શ્રીમાલી લૂણિગ શ્રેષ્ઠીએ વિ. સં. ૧૨૨૦માં જયસિંહસૂરિના ઉપદેશથી જૈનધર્મ સ્વીકાર્યો. તેમણે ઉક્ત રામદેવસૂરિના આચાર્યપદ મહોત્સવમાં એક લાખ ટંક દ્રવ્યનો ખર્ચ કરેલો તથા જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવેલી. લૂણિગના વંશજો લોલાડા ગામમાં વસવાથી તેઓ લોલાડિયા ગોત્રથી પ્રસિદ્ધ થયા.

રત્નપુર નિવાસી ભંડારી ગોદા જેઓ મહેશ્વરી સંપ્રદાયના અનુયાયી હતા તેમને જયસિંહસૂરિએ વિ.

સં. ૧ ૨ ૨ ૩માં પ્રતિબોધ આપીને જૈન ધર્માનુરાગી કર્યા. ભંડારી ગોદાએ સૂરિના ઉપદેશથી શત્રુંજય, ગિરનારના તીર્થસંઘો કાઢ્યા તથા અનેક નગરોમાં લહાણી કરીને સવા લાખ રૂપીઆ ખરચ્યા. તેના વંશજો મહુડીમાં વસ્યા હોવાથી તેઓ મહુડિયા ગોત્રથી પ્રસિદ્ધ થયા.

વિ. સં. ૧ ૨ ૨ ૪માં લોલાડામાં રાઉત ફણગર રાઠોડને જયસિંહસૂરિએ પ્રતિબોધ આપીને જૈન કર્યો. તેના વંશજો પડાઈઆ ગોત્રથી ઓળખાય છે. આ વંશમાં સમરસિંહ, સાદા, સમરથ, મંડલિક, તોલાક અનેક પ્રસિદ્ધ પુરુષો થઇ ગયા છે.

થરપારકર અંતર્ગત ઉમરકોટના રાઉત મોહણસિંહ પરમારે જયસિંહસૂરિના ઉપદેશથી પ્રભાવિત થઈને વિ. સં. ૧ ૨ ૨ ૮માં જૈન ધર્મ સ્વીકારેલો. કહેવાય છે કે મોહણસિંહ નિઃસંતાન હતો. પરંતુ સૂરિના સમાગમ પછી તેને પાંચ પુત્રો થયા. છેલ્લા નાગપુત્રથી તેના વંશજો નાગડાગોત્રથી પ્રસિદ્ધ થયા. નાગડા વંશજોએ પોતાનાં સુકૃત્યોથી જૈનધર્મનું નામ દીપાવ્યું છે. ઉક્ત નાગપુત્ર ખરેખર નાગ હતો એવું પટ્ટાવલીમાં દર્શાવાયું છે. શિયાળામાં નાગ ઠંડીથી બચવા ચૂલામાં સૂતો હતો તેવામાં ચૂલો સળગતાં તેનું મૃત્યુ થયેલું એમ ભટ્ટગ્રન્થો જણાવે છે. તેના સ્મારકરૂપે ઉમરકોટમાં નાગની ફણાવાળી ઊભી મૂર્તિ બેસાડી તે ઉપર દેરી બંધાવવામાં આવી.

વિ.સં. ૧ ૨ ૨ ૯ માં જયસિંહસૂરિ વિહરતા સિંધુ નદી પાસેના પીલુડા નગરમાં પધાર્યા. ત્યાંના રાજા રાવજી સોલંકીના દ્વિતીય કુંવર લાલણજીને કોઢ હતો. સૂરિએ મંત્રપ્રભાવથી કોઢ દૂર કરતાં રાજાએ પ્રભાવિત થઈને જૈન ધર્મ સ્વીકાર્યો. લાલણ પુત્રથી તેના વંશજો લાલણ ગોત્રથી સુપ્રસિદ્ધ થયા. ભટ્ટગ્રંથમાં ઉલ્લેખ છે કે રાવજી ઠાકોરે ચરિત્રનાયકને ચરણે સોનામહોરોથી ભરેલા થાળો અર્પણ કરેલા. પરંતુ નિઃસ્પૃહી આચાર્યે તે સ્વીકારલા નહિ. આથી રાજાએ તે દ્રવ્યથી પીલુડામા શ્રી શાંતિનાથ પ્રભુનું મનોહર જિનમંદિર બંધાવ્યું વિ.સં. ૧ ૨ ૨ ૯માં એમના અત્યાગ્રહથી જયસિંહસૂરિએ ત્યાં ચાતુર્માસ કર્યું. એમની આજ્ઞાથી રાવજી ઠાકોરના મંત્રી દેવસીએ આ નવોદિત જૈન કુટુંબને સાધર્મિક ભાવે ઓશવાળોની પંક્તિમાં મેળવ્યું. દાનેશ્વરી લાલણજીના વંશજોમાં અનેક પ્રસિદ્ધ પુરુષો થઇ ગયા છે, જેમાં નગરપારકરના જેસાજી પ્રમુખ છે. 'જેસો જગદાતાર' એવું તેમનું બિરુદ હતું. જામનગરના વર્દ્ધમાન શાહ અને પદ્મસિંહ શાહ એ બેઉ સુવિખ્યાત બંધુઓ પણ આ ગોત્રના હતા.

વિ.સં. ૧ ૨ ૩ ૧ માં ડીડુ જ્ઞાતિના ચૌધરી બિહારીદાસ જયસિંહસૂરિના ઉપદેશથી જૈન થયા. તેના વંશજો ઓશવાળ જ્ઞાતિમાં સહસ્રગણા ગાંધી ગોત્રથી ઓળખાયા. અંચલગચ્છ પ્રવર્તક આર્યરક્ષિતસૂરિજીએ રત્નપુરના હીમરજીને પ્રતિબોધ આપીને જૈનધર્મી કરેલા. હમીરજીના પુત્ર સખતસંઘથી એમના ગોત્રનું નામ સહસ્રગણા ગાંધી પડેલું એવો ભટ્ટગ્રંથમાંથી ઉલ્લેખ મળે છે.

પુવવાડામાં રાઉત ફટારમલ ચૌહાણ પાસે અઢળક ધન હતું. ત્યાંના રાણા ઉદયસિંહને પણ તેમને લગ્ન પ્રસંગે જરૂરત પડતાં દ્રવ્ય સહાય કરેલી. વિ. સં. ૧ ૨ ૪ ૪માં જયસિંહસૂરિનો ધર્મોપદેશ સાંભળીને

કટારમલ જૈન થયો તેના વંશજો કટારિયા ગોત્રથી ઓળખાયા. કટારમલે સૂરિના ઉપદેશથી હસ્તિતુંડમાં શ્રી વીરપ્રભુનો જિનપ્રાસાદ બંધાવ્યો. જે આજે મુછાળા મહાવીર નામે પ્રસિદ્ધ છે.

કોટડાનો રાજસેન પરમાર પ્રખ્યાત લુટારો હતો. જયસિંહસૂરિની ધર્મદેશના સાંભળીને તેના જીવનમાં પરિવર્તન આવી ગયું. સૂરિના ઉપદેશથી રાજસેને લૂટ અને જીવહિંસાનો ત્યાગ કરીને વિ. સં. ૧ ૨ ૪ ૪માં જૈન ધર્મ સ્વીકાર્યો. તેના વંશજો ઓશવાળ જ્ઞાતિમાં પોલડિયા ગોત્રથી ઓળખાય છે.

વિ. સં. ૧ ૨ ૫ ૫માં જેસલમેરમાં દેવડ ચાવડાને પ્રતિબોધ આપીને જયસિંહસૂરિએ તેને જૈન કર્યો. અનેક ચાવડા રાજપૂતો પણ એ અરસમાં જૈન ધર્માનુયાયી થયા. દેવડના પુત્ર ઝામરે ઝાલોરમાં એક લાખ સિત્તેર હજાર ટંક દ્રવ્ય ખરચીને શ્રી આદિનાથ પ્રભુનો ભવ્ય જિનપ્રાસાદ બંધાવ્યો, વસ્ત્રાદિની લહાણી કરી તથા અનેક બંદીઓને છોડાવ્યા. ઝામરના પુત્ર દેઢિયાથી તેના વંશજો દેઢિયા ગોત્રથી પ્રસિદ્ધ થયા.

વિ. સં. ૧ ૨ ૫ ૬ માં ચિત્તોડના રાઉત વીરદત્ત ચાવડાને જયસિંહસૂરિએ ઉપદેશ આપીને તેને જૈન કર્યો. તેના વંશજો નીસર ગોત્રથી ઓળખાય છે. કહેવાયછે કે રાજા વીરદત્ત નિઃસંતાન હતો. સૂરિના ઉપદેશથી તેણે ચક્રેશ્વરી દેવીનું આરાધન કરતાં તેને પુત્ર પ્રાપ્તિ થયેલી.

નલવરગઢના રાજા રણજીત રાઠોડને પણ એ પ્રમાણે જ પુત્રપ્રાપ્તિ થયેલી અને જયસિંહસૂરિના ઉપદેશથી તેણે પણ વિ. સં. ૧ ૨ ૫ ૭ માં જૈનધર્મ સ્વીકારેલો સૂરિના ઉપદેશથી તેણે પોતાના રાજ્યમાં અમારિ પડહની ઉદ્‌ઘોષણા પણ કરાવેલી. તેના વંશજો ઓશવાળ જ્ઞાતિમાં ભળીને રાઠોડ ગોત્રથી પ્રસિદ્ધ થયા.

વિ. સં. ૧ ૨ ૫ ૮માં મારવાડ અંતર્ગત કોટડાના કેશવ રાઠોડે જયસિંહસૂરિના ઉપદેશથી પ્રભાવિત થઇને જૈન ધર્મનો સ્વીકાર કરેલો. તેના દત્તક પુત્ર છાજલ પરથી તેના વંશજો છાજેડ ગોત્રથી ઓળખાયા. એજ વર્ષમાં ચરિત્રનાયક કાલધર્મ પામ્યા હોઇને તેમના જીવનમાં આ છેલ્લો જ પ્રસંગ ગણાય.

ચરિત્રનાયકના પટ્ટકાળમાં અંચલગચ્છની વલ્લભી શાખામાં પુણ્યતિલકસૂરિ પણ પ્રભાવક આચાર્ય થઇ ગયા. તેમણે પણ અનેકને પ્રતિબોધ આપીને જૈન ધર્માનુયાયી કર્યા. વિ. સં. ૧ ૨ ૨ ૧ માં બેણપમાં ડોડીઆ પરમાર વંશના રાઉ સોમિલને તેમણે પ્રતિબોધ આપ્યો. સોમિલ વહાણવટી હોવાથી તેના વંશજો વહાણી ગોત્રથી બધે ઓળખાયા. વિ.સં. ૧ ૨ ૨ ૬ નગરપારકર નિવાસી ઉદયપાલ નામના ક્ષત્રિયને તેમણે પ્રતિબોધ આપ્યો, જેના વંશજો બોરીચા ગોત્રથી ઓળખાય છે. વિ. સં. ૧ ૨ ૪ ૪ માં હસ્તિતુંડના રાજા વણવીર ચૌહાણને પ્રતિબોધ આપીને તેમને જૈનધર્મી કર્યો. તેના વંશજો જાસલ ગોત્રથી ઓળખાય છે.

જયસિંહસૂરિના સમયમાં અંચલગચ્છીય આચાર્ય રત્નપ્રભસૂરિએ નગરપારકર નિવાસી અજિતસિંહ પરમારને પ્રતિબોધીને જૈન કર્યો. અજિતસિંહ અફીણનો મોટો બંધાણી હતો અને રાત-દિવસ અફીણ ઘૂંટતો તેથી લોકો તેને ઘૂટકો કહેતા. આથી તેના વંશજો 'ઘૂટકા' પરથી ગુઢકા ગોત્રથી ઓળખાય છે. વિ.સં. ૧ ૨ ૨ ૮માં અજિતસિંહે નગરપારકમાં ભવ્ય જિનાલય બંધાવ્યું.

જયસિંહસૂરિએ અનેક પ્રદેશોમાં ઉગ્ર વિહાર કરીને જૈન ધર્મનો મહિમા ઘણો વિસ્તાર્યો. તેમના ઉપદેશથી અનેક જિનાલયો બંધાયાં, અનેક જિનબિંબોની પ્રતિષ્ઠાઓ થઇ. તેમાં શ્રી શત્રુંજયગિરિ ઉપર શ્રી અદ્‌બુદ જિનાલયની પ્રતિષ્ઠા મુખ્ય છે. વિ.સં. ૧૨૪૯માં ભિન્નમાલ પાસેના રત્નપુર નિવાસી, સહસ્રગણા ગાંધી ગોત્રીય શ્રેષ્ઠી ગોવિંદશાહે જયસિંહસૂરિના ઉપદેશથી એ જિનાલય બંધાવ્યું અને તેની પ્રતિષ્ઠા કરાવી. શ્રી શત્રુંજયનો સંઘ કાઢીને ગોવિંદશાહે થાળીની લહાણી કરેલી.

આ જિનાલયનો જીર્ણોદ્ધાર વિ. સં. ૧૬૮૬માં દેવગિરિ નગરના શ્રીમાલી શ્રેષ્ઠી ધર્મદાસે કલ્યાણસાગરસૂરિજીના ઉપદેશથી કરાવ્યો. શ્રી અદ્‌બુદજીની પ્રતિમા શ્રી શત્રુંજય તીર્થમાં સૌથી મોટી ગણાય છે. તેની પક્ષાલ-પૂજા વર્ષમાં એક વખત એટલે કે ફાગણ વદ ૮ ના દિને જ થાય છે. આ તીર્થમાં આવતા યાત્રિકો આ વિરાટકાય પ્રતિમા પાસે ઉચ્ચ સ્વરે કહે છે કે ''અદ્‌બુદજી, યાત્રા સફળ ?'' એટલે સામેથી પ્રતિધ્વનિ સંભળાય છે કે 'સફળ', જે સાંભળીને યાત્રિકોના મનમાં પ્રસન્નતા છવાય છે.

જયસિંહ સૂરિના ઉપદેશથી વિ. સં. ૧૨૧૭માં કણોનીમાં શ્રેષ્ઠી જશરાજે ભવ્ય જિનાલય બંધાવ્યું અને તેની મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી હતી. પટ્ટાવલીમાં પણ પ્રતિષ્ઠાઓ સંબંધક મહત્ત્વપૂર્ણ ઉલ્લેખો છે.

જયસિંહસૂરિએ આ પ્રમાણે ગ્રન્થો લખ્યા : કર્મગ્રન્થ બૃહદ ટીકા, કમ્મપયડી ટીકા, કર્મગ્રન્થ વિચાર ટિપ્પણ, કર્મવિપાકસૂત્ર, ઠાણાંગ ટીકા, જૈન તર્કવાર્તિક, ન્યાયમંજરી ટિપ્પણ, આમાંનો એક પણ ગ્રન્થ હાલમાં ઉપલબ્ધ નથી. અન્ય ઉલ્લેખ અનુસાર જયસિંહસૂરિએ 'યુગાદિદેવ ચરિત્ર' લખ્યું. આસપની પુત્રી લક્ષ્મી તથા પુત્ર આંબડે તેને ભક્તિથી લખાવ્યું હતું. ઉક્ત ગ્રન્થ-સૂચિ પરથી ચરિત્રનાયકનું આગમ વિષયક જ્ઞાન કેટલું ગહન હશે તેની પ્રતીતિ થાય છે.

પશ્ચિમ ભારતનાં બધાં જ મહત્વનાં કેન્દ્રોમાં અપ્રતિહત વિચરીને ચરિત્રનાયકે અંચલગચ્છ-પ્રવર્તક આર્યરક્ષિતસૂરિનું અવશિષ્ટ જીવનકાર્ય પૂર્ણ કર્યું. તેમણે અનેક નૃપતિઓને પ્રતિબોધ આપીને તેમને જૈનધર્મ તરફ વાળ્યા અને અમારિ પડહની ઉદ્‌ઘોષણાઓ કરાવી, અનેક જીવોને ધર્મબોધ પમાડ્યો. જૈન ધર્મનો મહિમા તેમણે સર્વત્ર વિસ્તાર્યો. અંચલગચ્છના સંગઠન માટે તો તેમને કરોડરજ્જુની જ ઉપમા આપી શકાય. આર્યરક્ષિતસૂરિએ જે આદર્શો અને વિચારોનો પાયો નાખ્યો હતો તેના ઉપર ચરિત્રનાયકે ભવ્ય ઇમારત ઊભી કરી. જયસિંહની અનેકવિધ કારકિર્દીએ પશ્ચિમ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં ઉજ્જ્વળ પૃષ્ટ ઉમેર્યું છે. એમના પ્રકૃષ્ટ ચારિત્ર્યનો પ્રભાવ ન માત્ર એમના અનુયાયીઓ પુરતો મર્યાદિત રહ્યો, કિન્તુ બધા ગચ્છો પણ એની અસરથી અપ્રભાવિત રહી ન શક્યા. આ પ્રભાવની અસર દૂરગામી રહી.

વિ. સં. ૧૨૫૮ માં આ મેધાવી આચાર્યનો બેણપ નગરમાં ૮૦ વર્ષની ઉંમરે કાલધર્મ થયો ત્યારે અચલગચ્છે જાણે પોતાનું શિરછત્ર ગુમાવી દીધું અને જૈન શાસને અડીખમ સ્તંભ ગુમાવ્યો હોય એવો ભાવ અનુભવ્યો. 'લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક' તરીકે જૈન ઇતિહાસમાં તો તેઓ ભૂલ્યા ભૂલાય તેમ નથી.

# શ્રી દંડક પ્રકરણ

-શ્રી જિનહંસમુનિ

## (૧૯) પર્યાપ્તિ દ્વાર

वेमाणिय जोइसिया, पल्ल तयट्ठंस आउआ हुंति ।
सुर नर तिरि निरएसु, छ पज्जत्ती थावरे चउगं ।। २८ ।।

વૈમાનિક અને જ્યોતિષી દેવો અનુક્રમે એક પલ્યોપમ તથા એક પલ્યોપમનો આઠમો ભાગ જેટલા આયુષ્યવાળા જઘન્યથી હોય છે.

દેવતા, ગર્ભજ મનુષ્ય અને તિર્યંચ તથા નારકીને વિષે છ પર્યાપ્તિ હોય છે. અને સ્થાવરને વિષે ચાર પર્યાપ્તિ હોય છે.

સ્થિતિદ્વારની પુર્ણાહૂતિ કરતાં વૈમાનિક અને જ્યોતિષદેવોની જઘન્ય સ્થિતિ જણાવે છે-

વૈમાનિક દેવતાનું જઘન્ય આયુષ્ય એક પલ્યોપમ છે તથા જ્યોતિષ દેવોનું જઘન્ય આયુષ્ય પલ્યોપમના આઠમા ભાગ જેટલું હોય છે.

પર્યાપ્તિ દ્વારનો પ્રારંભ કરતા જણાવે છે -

દેવતાના ૧ ૩ દંડક, ગ. મનુષ્ય, ગર્ભજ તિર્યંચ અને નારકીના એક એક એમ કુલ ૧ ૬ દંડકને વિષે ૬ પર્યાપ્તિ હોય છે.

સ્થાવરના પાંચ દંડકને વિષે ૪ (ચાર) પર્યાપ્તિ હોય છે.

## (૨૦) કિમાહાર દ્વાર

विगले पंच पज्जत्ति, छद्दिसि आहार होइ सव्वेसिं ।
पणगाइ पये भयणा, अह सन्नितियं भणिस्सामि ।। २९ ।।

વિકલેન્દ્રિયને વિષે પાંચ પર્યાપ્તિ હોય છે.

સર્વે જીવોને છ દિશાનો આહાર હોય છે પરંતુ વનસ્પતિકાયાદિ પાંચ સ્થાવરના પદને વિષે ભજના હોય છે. હવે ત્રણ સંજ્ઞા કહીશ.

પર્યાપ્તિ દ્વારને આગળ વધારતા જણાવે છે કે-

વિકલેન્દ્રિયના ૩ દંડકને વિષે પાંચ પર્યાપ્તિ હોય છે.

**કિમાહાર દ્વાર**

કિમાહાર એટલે ક્યા જીવો કેટલી અને કઇ-કઇ દિશાનો આહાર લે છે.

આહાર એટલે અહીં મુખથી લેવાનો આહાર સમજવાનો નથી પરંતુ જીવ પોતાના આત્મપ્રદેશો દ્વારા પુદ્ગલ ગ્રહણ કરે છે તે આહાર સમજવાનો છે.

પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ ઉર્ધ્વ અને અધ એમ છ દિશા છે. લોકની અંદર રહેલા જીવોને છ દિશાનો આહાર મળે છે. બાકી અલોકને અડીને... લોકના છેવાડે રહેલા સૂક્ષ્મ સ્થાવર જીવોને ત્રણ-ચાર-પાંચ કે છ દિશાનો આહાર મળે છે.

આગળ ત્રણ સંજ્ઞાઓ કહેવામાં આવશે.

## (૨૧) સંજ્ઞા દ્વાર

**चउविह सुरतिरिएसु, निरएसु अ दीह कालिगी सन्ना ।**
**विगले हेऊवएसा, सन्ना रहिया थिरा सव्वे ।।३०।।**

ચાર પ્રકારના દેવતા તિર્યંચ અને નારકીને વિષે દિર્ઘકાલિકી સંજ્ઞા હોય છે.વિકલેન્દ્રિયને વિષે હેતુવાદોપદેશિકી સંજ્ઞા હોય છે. સર્વ સ્થાવરો સંજ્ઞા રહિત હોય છે.

**સંજ્ઞા ત્રણ છે.**

(૧) હેતુવાદોપદેશિકી સંજ્ઞા (૨) દીર્ઘ કાલિકી સંજ્ઞા (૩) દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા.

(૧) કેટલાક જીવોની પાસે ભૂત ભવિષ્યનો વિચાર જ ન હોય તેઓ કેવળ વર્તમાનનો જ વિચાર કરે છે એ જીવોની સંજ્ઞા **''હેતુવાદોપદેશિકી સંજ્ઞા''** કહેવાય છે.

(૨) **દીર્ઘકાલિકી સંજ્ઞા** - મનવાળા જીવોને આ સંજ્ઞા હોય છે મન હોવાથી ભૂત ભવિષ્યનો પણ જીવ વિચાર કરે છે. તે **દીર્ઘકાલિકી** સંજ્ઞા કહેવાય છે..

(૩) દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા- સમ્યગ્દર્શનવાળા જીવોની પ્રત્યેક ક્રિયા મોક્ષ લક્ષવાળી હોય છે. આવા સમ્યગ્દર્શનવાળા શ્રાવક અને સાધુ ભગવંતોની જે સંજ્ઞા તે **દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા** કહેવાય છે.

## સંજ્ઞા

| દંડક સંખ્યા | દંડક નામ | સંજ્ઞા |
|---|---|---|
| ૧૫ | ૧૩ દેવોના ૧ તિર્યંચ પંચે. ૧ નારકી | દીર્ઘકાલિકી સંજ્ઞા |
| ૩ | બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય | હેતુ વાદોપદેશિકી સંજ્ઞા |
| ૫ | પૃથ્વી, અપ, તેઉ, વાયુ, વનસ્પતિકાય | સંજ્ઞા વિનાના છે |
| ૧ | મનુષ્ય | દીર્ઘકાલિકી સંજ્ઞા<br>અને દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા |

## (૨૧) સંજ્ઞાદ્વાર ચાલુ.... તથા (૨૨) ગતિ અને (૨૩) આગતિ દ્વાર

मणुआण दीहकालिय, दिट्ठिवाओ-वओसिया के वि ।
पज्ज पण तिरि मणुआ च्चिय, चउविह देवे सु गच्छंति ।।२१।।

મનુષ્યોને દીર્ઘકાલિકી સંજ્ઞા હોય છે. કેટલાક (સમકિતી મનુષ્યોને) દષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા પણ હોય છે.

પર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યો નિશ્ચે ચાર પ્રકારના દેવોને વિષે જાય છે.

ક્યો જીવ મરીને કઇ ગતિમાં જશે તે ગતિ કહેવાય.

કઇ ગતિમાં કઇ કઇ ગતિમાંથી જીવ આવે તે આગતિ કહેવાય.

પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય ચાર પ્રકારના એટલે (૧) ભવનપતિ (૨) વ્યંતર (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક દેવ બની શકે છે.



# ગુણસ્થાન ક્રમારોહ

આધાર ગ્રંથ - ગુણસ્થાન ક્રમારોહ - પૂ. આ. રત્નશેખરસૂરિ

## શુક્લધ્યાન અને શુદ્ધિ

इति त्रयात्मकं ध्यानं, ध्यायन् योगी समाहित;।
स प्राप्नोति परांशुद्धिं सिद्धि श्री सौख्य कर्णिकाम् ।।६५।।

સમાધિવાન યોગીને પૂર્વોક્ત ત્રણ વિશેષણ યુક્ત શુકલ ધ્યાનને ધ્યાતા ધ્યાતા ઉત્કૃષ્ટ શુદ્ધિને પ્રાપ્ત કરે છે. આ શુદ્ધિ કેવી છે ? મુક્તિરૂપ લક્ષ્મીના સુખને દેખાડનારી છે.

यद्यपि प्रतिपात्येत च्छुक्लं ध्यानंप्रनायते ।
तथाप्यति विशुद्धत्वा दूर्ध्व स्थानं समीहते ।।६६।।

યદ્યપિ આ શુકલધ્યાન પતન શીલ છે તથાપિ અત્યંત વિશુદ્ધ છે. અહીંથી સાધક આગળના ગુણસ્થાન ચડવા દોડે છે તેથી આ અવસ્થા સારી (પ્રગતિશીલ) છે. આ ગુણસ્થાને ૨ ૬ પ્રકૃતિનો બંધ હોય છે.... ૭૨ પ્રકૃતિનો ઉદય હોય છે. અને ૧ ૩ ૮ પ્રકૃતિની સત્તા હોય છે. આ વાત ક્ષપક શ્રેણીવાળા ને આઠમા ગુણસ્થાને હોય છે.

## ૯. અનિવૃત્તિ ગુણસ્થાન.

હવે ક્ષપક શ્રેણીવાળા ૯ મા ગુણસ્થાને સાધુ મહાત્મા જે પ્રકૃતિઓ ખપાવે છે તે પાંચ ગાથાથી જણાવે છે.

अनिवृत्ति गुणस्थानं ततः समधि गच्छति ।
गुणस्थानस्य तस्यैव भागेषुनवसुक्रमात ।।६७।।

આઠમા ગુણસ્થાન પછી ક્ષપક શ્રેણીવાળો સાધક ક્ષપકશ્રેણીના નવમા ગુણસ્થાને જાય છે. નવમા ગુણસ્થાનના નવ ભાગ છે. હવે ક્યા ગુણસ્થાને કેટલી કર્મ પ્રકૃતિઓને ખપાવે છે તે જણાવે છે.

गति:श्वाभ्रमी च तैरश्वी द्वेतयोरनुपूर्विके ।
साधारणत्व मुद्योत: सूक्ष्मत्व विकलत्रयम् ।।६८।।
एकेन्द्रियत्वमातापः स्त्यानगृदध्यादिकत्रयम् ।
स्थावरत्वमिहाद्यंशे क्षीयंतेषोऽशेत्यमू: ।।६९।।

નરકગતિ ૧. તિર્યંચ ગતિ ૨, નરકાનુપૂર્વી ૩, તિર્યંચાનુપૂર્વી ૪, સાધારણ નામ કર્મ ૫, ઉદ્યોત નામ કર્મ ૬, સૂક્ષ્મ નામ કર્મ ૭, બેઈન્દ્રિય નામ કર્મ ૮, તેઈન્દ્રિય નામકર્મ ૯, ચઉરેન્દ્રિય નામકર્મ ૧૦, એકેન્દ્રિય

નામકર્મ$_{૧૧}$, આતપ નામ કર્મ$_{૧૨}$, નિદ્રા$_{૧૩}$, નિદ્રાનિદ્રા$_{૧૪}$, પ્રચલા$_{૧૫}$, સ્થાવર નામકર્મ$_{૧૬}$, આ સોળ પ્રકૃતિઓ ક્ષપક શ્રેણીવાળો સાધક નવમા ગુણસ્થાનના પહેલા ભાગમાં ખપાવે છે.

**अष्टौमध्य कषायांश्चय, द्वितीयेथतृतीयके।**
**षंढत्वतुर्यकेस्त्रीत्वं, हास्यषट्कं च पंचमे ।।७०।।**

આઠ મધ્ય કષાય અપ્રત્યાખ્યાનિય ક્રોધ$_{૧}$, માન$_{૨}$, માયા$_{૩}$, લોભ$_{૪}$, તથા પ્રત્યાખ્યાનિય ક્રોધ$_{૫}$, માન$_{૬}$, માયા$_{૭}$, લોભ$_{૮}$ તે નવમા ગુણસ્થાનના બીજા ભાગમાં ખપાવે છે.

ત્રીજા ભાગમાં નપુંસક વેદ ખપાવે છે.

ચોથા ભાગમાં સ્ત્રીવેદ ખપાવે છે.

પાંચમા ભાગમાં હાસ્ય$_{૧}$, રતિ$_{૨}$, અરતિ$_{૩}$, શોક$_{૪}$, ભય$_{૫}$ અને જુગુપ્સા આ છ પ્રકૃતિઓને ખપાવે છે.

**चततुर्थाशेषुशेषेषु ऋमेणैवातिशुद्धि तः ।**
**पुंवेदश्च तथा क्रोधो, मानो माया च नश्यति ।।७१।।**

છટ્ઠા ભાગ વિષે આગળના ચાર ભાગમાં અનુક્રમથી પુરુષવેદ સંજ્વલન ક્રોધ, સંજ્વલન માન , સંજ્વલન માયા આ ચાર પ્રકૃતિઓને ધ્યાનથી ઉત્પન થયેલી નિર્મળતાથી ખપાવે છે.

આ ગુણસ્થાનકે ૨૨ પ્રકૃતિઓ બંધમાં, ૬૬ પ્રકૃતિઓ ઉદયમાં અને ૧૦૩ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

## (૧૦) સૂક્ષ્મ સંપરાય દસમું ગુણસ્થાન

નવમા ગુણસ્થાન પછી ક્ષપક શ્રેણીવાળા મુનિ ભગવંત દસમા સૂક્ષ્મ સંપરાય નામના ગુણસ્થાને જાય છે. અહીં શું બને છે તે જણાવે છે–

**ततौ सौ स्थुललोभस्य सूक्ष्मत्वं प्रापयन क्षणात् ।**
**आरोहति मुनिः सूक्ष्म संपरायं गुणास्पदम् ।।७२।।**

ક્ષણમાં ભાવોની શુદ્ધિથી સ્થૂલ લોભનો ચુરો કરીને સૂક્ષ્મ કરે છે. જેને કીટ્ટીકરણ કહેવાય છે. સંપરાય એટલે કષાય. સ્થુલ નહીં પણ સૂક્ષ્મ અંશ જ્યાં કષાયનો છે તે સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન છે.

આ ગુણસ્થાને ૧૭ પ્રકૃતિનો બંધ હોય છે. ૬૦ પ્રકૃતિઓનો ઉદય હોય છે. તથા ૧૦૨ પ્રકૃતિઓ સત્તામાં હોય છે.

(ક્ષપકશ્રેણીવાળાને અગિયારમું ગુણસ્થાન હોતું નથી.)

## (૧૧) ઉપશાંત મોહ ગુણસ્થાન

**एकादशं गुणस्थानं क्षपकस्य भवेन्नहि ।**
**दशमात्सूक्ष्म लोभांशान् क्षपयन् द्वादशंव्रजेत ।।७३।।**

ક્ષપકશ્રેણી એ આરુઢ થયેલા ક્ષપક મહાત્માને અગિયારમું ગુણસ્થાન હોતું નથી. દસમા ગુણસ્થાને જ લોભના સૂક્ષ્મ અંશને અત્યંત સૂક્ષ્મ કરી એ સંજ્વલન લોભના કણને ખપાવીને સીધો જ બારમા ક્ષીણ મોહ ગુણસ્થાને પહોંચી જાય છે.

## ૧૨. ક્ષીણ મોહ ગુણસ્થાન

બારમા ક્ષીણ મોહ ગુણસ્થાને શુકલધ્યાનનો બીજો ભેદ હોય છે તે જણાવે છે-

थ भूत्वास क्षीण माहात्मा, वीतरागो महायतिः ।
पूर्ववद्भावसंयुक्तो, द्वितीयंशुक्लमाश्रयेत ॥७४॥

બારમા ગુણસ્થાનમાં રહેલા ક્ષપક શ્રેણીવાળા સાધુ મહાત્માને આ ગુણસ્થાને શુકલ ધ્યાનનો બીજો ભેદ હોય છે. પ્રથમ પાયાના ધ્યાનના સ્વરૂપને જણાવ્યું એજ પ્રકારે બીજા પાયામાં ધ્યાતા ધ્યાન કરે છે. આ ગુણસ્થાને ક્ષપક કેવા સ્વરૂપે હોય છે તે જણાવે છે-

★ ક્ષપક વીતરાગ હોય છે. વિશેષ રાગ-દ્વેષ રહિત હોય છે.

★ મહાયતી એટલે યથાખ્યાત ચારિત્રવાળો હોય છે.

★ વિશુદ્ધ ભાવ યુક્ત એટલે સારા -શુદ્ધ પરિણામવાળો હોય છે.

**શુકલધ્યાનનું નામ**

अपृथकत्वमवीचारं, सवितर्क गुणान्वितम् ।
सध्यायत्येकयोगेन शुक्लध्यानंद्वितीयकम् ॥

આ ક્ષીણમોહ ગુણસ્થાનમાં રહેલો ક્ષપક શ્રેણીવાળો સાધુ એક યોગ કરીને શુકલધ્યાનના બીજા ભેદનું ધ્યાન કરે છે. આ ધ્યાન કેવું છે ? તે જણાવતા કહે છે-

★ અપૃથક્ત એટલે પૃથક્ત રહિત છે.

★ અવિચાર એટલે વિચાર રહિત છે.

★ પરંતુ સવિતર્ક એટલે વિતર્ક ગુણ યુક્ત છે.

निजात्मद्रव्यमेकं वा, पर्यायमथवा गुणम् ।
निश्चलंचिंत्यते यत्र, तदेकत्वं विदुर्बुधाः ॥७६॥

ધ્યાન કરવા તત્પર થયેલા ધ્યાતાએ પોતાના શુદ્ધ આત્મદ્રવ્યને તથા પરમાત્મ દ્રવ્યને જાણી લીધું છે. પરમાત્મ દ્રવ્યના પર્યાયને અથવા એના કોઇ એક ગુણનો નિશ્ચય કરીને એનું ચિંતવન કરે છે. આ ધ્યાનને જ એકત્વ કહે છે.

यद्व्यजनार्थ योगेषु, परावर्तविवर्जितम् ।
चिन्तनंतदविचारं, स्मृतंसद्ध्यान् कोविदैः ॥७७॥

સદ્ધ્યાનને શાસ્ત્રની આમ્નાયના જાણકાર પંડીતોએ આ ધ્યાનને અવિચાર વિશેષણયુક્ત દ્વિતીય

શુકલધ્યાનનો ભેદ કહ્યો છે. આ ધ્યાન એવું છે જેમાં વર્ણ અને અર્થનું ક્યાંય પરિવર્તન નથી. વર્ણમાં અથવા અર્થમાં જ ધ્યાતા સ્થિર બને છે. આ ધ્યાનમાં શબ્દ શબ્દાંતર પણ નથી. આવું આ ચિંતન અવિચાર કહેવાય છે.

निजशुद्धात्मनिष्ठं हि, भावश्रुतावलंबनात् ।
चिन्तनंक्रियते यत्र, सवितर्कतदुच्यते ॥७८॥

પોતાના શુદ્ધ પરમાત્મામાં ભાવશ્રુતનું આલંબન લઇને સૂક્ષ્મ વિચારનું ચિંતન કરે એને સવિતર્ક એટલે વિતર્ક (સહિત) ગુણોપેત બીજું શુકલધ્યાન કહે છે.

इत्येकत्वमविचारं सवितर्कमुदाहृतम् ।
तस्मिन् समरसीभावं, धत्तेस्वात्मानुभूति तः ॥७९॥

એકત્વ-અવિચાર અને સવિતર્ક રૂપ ત્રણ વિશેષણોથી યુક્ત બીજા ભેદવાળું શુકલધ્યાન છે. આ બીજા શુકલધ્યાનમાં વર્તતો થતો ધ્યાનનો કરનાર સાધક મહાત્મા સમરસી ભાવને પોતાના આત્મઅનુભવથી ધારણ કરે છે.

इत्येतद्ध्यानयोगेन प्लुष्यत्कर्मेन्धनोत्करः ।
निद्रा प्रचलयोर्नाश मुयान्त्ये कुरुते क्षणे ॥८०॥

બીજા શુકલધ્યાનના યોગથી સાધુ કર્મરૂપી સમિધ એટલે કાષ્ટને બાળીને અંતે નિદ્રા તથા પ્રચલા આ બે પ્રકૃતિઓનો નાશ કરે છે.

अंत्येदृष्टि चतुष्कं च, दशकंज्ञानविघ्नयोः ।
क्षपयित्वा मुनिः क्षीणमोहः, स्यात्केवलात्मकः ॥८१॥

ક્ષપક શ્રેણીએ આરૂઢ મુની ક્ષીણ મોહ ગુણસ્થાનના અંત સમયે ચક્ષુદર્શન $_{૧}$, અચક્ષુદર્શન $_{૨}$, અવધિદર્શન $_{૩}$, કેવલદર્શન $_{૪}$, જ્ઞાનાવરણીય પાંચ $_{૯}$, અંતરાયકર્મની પાંચ $_{૧૪}$, આ ચૌદ પ્રકૃતિઓને ખપાવીને મોહનીય કર્મના અંશથી રહિત થઇને **કેવળજ્ઞાન**થી યુક્ત બને છે.

આ ગુણસ્થાને એક વેદનીયનો બંધ ...... સત્તાવન (૫૭) પ્રકૃતિઓનો ઉદય છે તથા એકસો એક (૧૦૧) પ્રકૃતિની સત્તા હોય છે.

## <u>૧૩. સયોગી ગુણસ્થાન.</u>

एवं च क्षीण मोहान्ता त्रिषष्ठि प्रकृति स्थितिः ।
पञ्चाशीतिर्ज्जरद्वस्त्रप्रायाः शेषाः सयोगिनिः ॥८२॥


પૂર્વ જણાવેલ ૬૩ પ્રકૃતિઓની સ્થિતિ ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જ છે. ચોથા ગુણસ્થાનથી ત્રેસઠ પ્રકૃતિઓમાંથી ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જે કર્મ પ્રકૃતિઓ ખપાવી છે તેમનો ક્રમ જણાવે છે.

એક પ્રકૃતિનો ચોથા ગુણસ્થાને ક્ષય કર્યો...
એક પ્રકૃતિનો પાંચમા ગુણસ્થાને ક્ષય કર્યો...
આઠ પ્રકૃતિનો સાતમે ગુણસ્થાને ક્ષય કર્યો...
છત્રીસ પ્રકૃતિનો આઠમે ગુણસ્થાને ક્ષય કર્યો...
સત્તર પ્રકૃતિનો બારમે ગુણસ્થાને ક્ષય કર્યો...
૧+૧+૮+૩૬+૧૭=૬૩

આ ત્રેસઠ પ્રકૃતિઓની સ્થિતી ક્ષીણમોહ ગુણસ્થાન સુધી જ છે. બાકી રહેલી પંચ્યાશી (૮૫) પ્રકૃતિઓ જીર્ણ વસ્ત્ર તુલ્ય સયોગી ગુણસ્થાન સુધી રહે છે.

**भावोऽत्र क्षायिक: शुद्ध: सम्यक्त्वं क्षायिकंपरम् ।**
**क्षायिकंहि यथाख्यातं चारित्रं तस्य निश्चितम् ।।८३।।**

કેવલી ભગવંતને આ સયોગી ગુણસ્થાનમાં શુદ્ધ ક્ષાયિક ભાવ હોય છે. ક્ષાયિક સમ્યગ્દર્શન તથા યથાખ્યાત નામનું ચારિત્ર હોય છે. આ સયોગી ગુણસ્થાને ઉપશમિક અથવા ક્ષાયોપશમિક ભાવ નથી. કારણ કે આ ગુણસ્થાને મોહનીયનો ક્ષય થઇ ગયેલો છે. તેથી આવા આત્માને ફક્ત-કેવળ ક્ષાયિક ભાવ જ હોય છે.



# ભવિયણ કુ આધારા

હુંડા અવસર્પિણી કાળમાં....

હળાહળ કલિયુગમાં...

પડતા કાળમાં... અદ્ભૂત, ઉત્તમ, અત્યંત લાભદાયક એવું જિનશાસન તો મળ્યું પણ !

શરીર નબળું... મન નિર્માલ્ય... બુદ્ધિ તર્ક ભરેલી....

કેમ તરી શકાશે ભવસાગર ?

યાદ આવે છે પેલી કડી શુભવીરવિજયજીની

**દુષમકાલ જિનબિંબ જિનાગમ**

**ભવિયણ કું આધારા...**

આજે પંચમકાળમાં પણ તરવું હોય તો તરી શકાય છે અને એના અણમોલ આધાર સ્તંભ છે **જિનાગમ અને જિનપ્રતિમા !**

જિન પ્રતિમાથી આપણે બધા સામાન્ય રીતે પરીચીત છીએ; પણ જિનાગમથી આપણે એટલા જ અપરિચીત જ છીએ...

સર્વ જીવોને સત્યનું ભાન કરાવી, જિન શાસનના રસિયા બનાવવાની એક માત્ર ભાવ દયાથી તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરી એના ઉદય કાળમાં સાધનાથી કેવળજ્ઞાન પામી.... તારક તીર્થની સ્થાપના કરે... ચતુર્વિધ સંઘની રચના કરે... જગત જીવોના કલ્યાણને અર્થે દેશનાનો ધોધ વહેવડાવે... જે ધોધમાં સ્નાન કરનાર દરેક આત્મા પવિત્ર બની અનેકોને પાવન કરે.

આવી જિનવાણીનો સંગ્રહ તેજ જિનાગમ. જિનાગમોમાં જીવ અજીવના બધાજ રહસ્યો સ્પષ્ટ કરવામાં આવ્યાછે. વિશ્વની રચનાનું વિસ્તારથી વર્ણન છે. જન્મ અને મરણની સમજણ છે. સુખ અને દુઃખનું સ્વરૂપ અને તેના કારણોનું વિવેચન છે. સંસારની માયા જાળમાં જીવ કેમ ફસાય છે અને એમાંથી કેમ મુક્ત થઇ શકે એની તત્વજ્ઞાન ભરપૂર વિચારણા છે.

આજે આપણને પ્રભુ તો નથી મળ્યા પણ પ્રભુ પ્રતિમાને જ સાક્ષાત પ્રભુ માની ભક્તિરસનું પાન કરીએ અને પ્રભુવાણી સ્વરૂપ આગમની ઓળખાણ કરી જ્ઞાનરસમાં તરબોળ બની જીવન નૌકાને ભવપાર કરવા પુરુષાર્થ આદરીયે...

આગમ સર્વ મળીને પિસ્તાલીસ છે જેનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવે છે-

૧૧ અંગ. ૧૨ ઉપાંગ..૧૦ પયન્ના... ૬ છેદ... ૪ મૂલ... ૧ નંદિસૂત્ર... ૧ અનુયોગદ્વાર

# પિસ્તાલીશ આગમનો સંક્ષિપ્ત પરિચય

**૧. આચારાંગ સૂત્ર :-** આ સૂત્રમાં શ્રમણ નિર્ગ્રંથોના આચારાદિનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

**૨. શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર :-** આ સૂત્રમાં જીવ-અજીવ વિગેરે સ્વસિદ્ધાંત અને પરસિદ્ધાંતનું વર્ણન છે. ક્રિયાવાદી વિગેરેના ૩૬૩ ભેદો (પાખંડિયો) વિગેરેનું વર્ણન છે. ચરણીસત્તરીની પ્રરુપણા કરતાં સંયમ લેનાર જીવોને અનુકુળ ઉપસર્ગો સહન કરવાની વાત આર્દ્રકુમારદિના દૃષ્ટાંતથી વિસ્તારથી સમજાવી છે...

**૩. શ્રી સ્થાનાંગ સૂત્ર :-**એક થી દસ સુધીની સંખ્યાવાળા જીવ-અજીવ નદીઓ વિગેરે વિવિધ પ્રકારના પદાર્થોનું વર્ણન ક્રમસર અધ્યયનોમાં કર્યું છે.

**૪. શ્રી સમવાયાંગ સૂત્ર :-** આ સૂત્રમાં એકથી માંડીને સો ઉપરાંત જીવ-અજીવ વિગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે અને બાર અંગનો સંક્ષિપ્ત સાર જણાવેલ છે.

**૫. શ્રી ભગવતી સૂત્ર :-** આ સૂત્રમાં ચારે અનુયોગ વિગેરે પદાર્થોનું પ્રશ્નોત્તરાદિ રૂપે વર્ણન કરેલું છે.

**૬. શ્રી જ્ઞાતા સૂત્ર :-** આ સૂત્રમાં શૈલકરાજર્ષિ, દ્રૌપદી શ્રાવિકા વિગેરેની કથાઓ દ્વારા જુદી જુદી રીતે આત્મિક બોધ આપ્યો છે...

**૭. શ્રી ઉપાસક દશાંગ સૂત્ર :-** આ સૂત્રમાં પ્રભુ શ્રી મહાવીર દેવના દસ શ્રાવકોના ચરિત્રનું વર્ણન છે.

**૮. શ્રી અનંતકૃત દશાંગ સૂત્ર :-** આ સૂત્રમાં અનંત તીર્થંકર, ગણધર, સમલંકૃત પ્રસંગોનું પ્રસંગે કૃષ્ણ, ગજસુકુમાલ, સોમિલ બ્રાહ્મણ વગેરેની વાતો તથા કૃષ્ણ વાસુદેવની રાણીઓએ અને શ્રેણિકરાજા વિગેરેની રાણીઓએ દીક્ષા લઇ કરેલ વર્ધમાનતપ આદિનું વિસ્તારથી વર્ણન છે....

**૯. શ્રી અનુત્તરૌપપાતિક સૂત્ર :-** આ સૂત્રમાં સંયમની નિર્મલ સાધના કરીને અનુત્તર વિમાનોમાં ગયેલા જાલિકુમાર, ઉગ્ર તપશ્ચર્યા કરનાર શ્રી ધન્યમુનિ વિગેરેનાં ચરિત્રો જણાવ્યા છે.

**૧૦. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર :-** આ સૂત્રમાં પાંચ આશ્રવોની અને પાંચ સંવરો વિગેરે પદાર્થોની વિગતો વિસ્તારથી દૃષ્ટાંતો સાથે કહી છે...

**૧૧. શ્રી વિપાક સૂત્ર :-** આ સૂત્રમાં સુખ દૂઃખના ફળોને ભોગવનારા જીવોની કથાઓ વિગેરેનું વર્ણન છે.

**૧૨. શ્રી દૃષ્ટિવાદ સૂત્ર :-** આ અંગ વિચ્છેદ પામ્યું છે.

**૧૨. શ્રી ઔપપાતિક સૂત્ર :-** આ સૂત્રમાં મહેલથી મહોત્સવપૂર્વક પ્રભુશ્રી મહાવીરસ્વામીની પાસે જઇને કોણિક રાજાએ વિધિથી વંદના કરી, પ્રભુની દેશના સાંભળી વિગેરે બીના અને મુનિવરોનું તપ,

સિદ્ધિના સુખ વિગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે.

**૧૩. શ્રી રાયપસેણી સૂત્ર :-** આ સૂત્રમાં કેશી ગણધર અને પ્રદેશી રાજાના પ્રશ્નોત્તરાદિનું અને સૂર્યાભદેવના વર્તમાન ભવનું અને ભાવી ભાવનું વર્ણન કર્યું છે.

**૧૪. શ્રી જીવાભિગમ સૂત્ર :-** આ સૂત્રમાં જીવ-અજીવ વિગેરે પદાર્થોનું વર્ણન કર્યું છે.

**૧૫. શ્રી પ્રજ્ઞાપના સૂત્ર :-** આ સૂત્રમાં જીવોની પ્રજ્ઞાપના, સ્થાન વિગેરે ૩૬ પદાર્થોનું વર્ણન ચોવીશ દંડકમાં ગોઠવીને કર્યું છે.

**૧૬. શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર :-** આ સૂત્રમાં સૂર્ય વિગેરેની બાબતનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

**૧૭. શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ સૂત્ર :-** આ સૂત્રમાં ચંદ્રાદિની બાબતનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

**૧૮. શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર :-** આ સૂત્રમાં જંબુદ્વીપાદિ ક્ષેત્રોની અને શ્રી ઋષભદેવ પ્રભુ, ભરત ચક્રવર્તિ આદિની હકીકતો કહી છે...

**૧૯. શ્રી કલ્પિકા ઉપાંગ :-** આ સૂત્રમાં કોણિકે કરેલા ચેડા મહારાજાની સાથે યુદ્ધમાં મરીને નરકે ગયેલા શ્રેણિક રાજાના પુત્ર કાલ વગેરેની તથા શ્રેણિકનાં મરણ વિગેરેની બીનાઓ કહી છે...

**૨૦. શ્રી કલ્પવંતસિકા ઉપાંગ :-** આ સૂત્રમાં શ્રેણિકના પૌત્ર પદ્મકુમાર વિગેરે દશ જણા સંયમ સાધીને એક દેવ ભવ કરીને મોક્ષમાં જશે તેનું વર્ણન કર્યું છે...

**૨૧. શ્રી પુષ્પિકા ઉપાંગ :-** આ સૂત્રમાં ચંદ્ર સૂર્ય વિગેરેના પૂર્વભવાદિનું વર્ણન કર્યું છે.

**૨૨. શ્રી પુષ્પચૂલિકા ઉપાંગ :-** આ સૂત્રમાં શ્રીદેવી વિગેરે દસ દેવીઓના પાછલા ભવ વિગેરેની વિગત કહી છે.

**૨૩. શ્રી વન્હિદશા ઉપાંગ :-** આ સૂત્રમાં બળદેવના બાર પૂત્રોના દીક્ષાની બીના અને તેમનાં પૂર્વભવાદિની બીના કહી છે.

**૨૪. ૨૪ થી ૨૯ છ પયન્ના** (કુલ ૧૦ પયન્ના છે) ચઉશરણ પયન્ના, આતુર પ્રત્યાખ્યાન પયન્ના, ભક્તિ પરિજ્ઞા પયન્ના, સંસ્તારક પયન્ના, મહાપ્રત્યાખ્યાન પયન્ના, મરણ સમાધિ પયન્ના-આ છ પયન્નાઓમાં અંતિમ આરાધનાદિનો અધિકાર જુદા જુદા સ્વરૂપે સંક્ષેપથી કે વિસ્તારથી વર્ણવતા પ્રસંગાનુપ્રસંગે ઘણી જરૂરી બીનાઓ પણ જણાવી છે.

**૩૦. શ્રી તંદુલ વેયાલિય પયન્ના :-** આ સૂત્રમાં ગર્ભનું કાલમાન, દેહરચના અને યુગલિક પુરુષાદિનું વર્ણન કરીને દેહની મમતાને તજવાનો ઉપદેશ આપ્યો છે.

**૩૧. શ્રી ગચ્છાચાર પયન્ના :-** આ સૂત્રમાં મુનિવરોના આચારાદિની બીના કહી છે...

**૩૨. શ્રી ગણિવિજ્જા પયન્ના :-** આ સૂત્રમાં દિવસ બળ વિગેરે નવ બળોને અંગે જ્યોતિષની હકીકત

વિગેરે બીનાઓ જણાવી છે...

**૩૩. શ્રી દેવેન્દ્ર સ્તવ પયન્ના :-** આ સૂત્રમાં પ્રભુની સ્તુતિ કરવાના અવસરે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરોરૂપે ઉર્ધ્વલોકાદિની બીના જણાવી છે.

**૩૪. શ્રી આવશ્યક સૂત્ર :-** આ સૂત્રમાં છ આવશ્યકનું વર્ણન છે.

**૩૫. શ્રી દશવૈકાલિક સૂત્ર :-** આ સૂત્રમાં મુનિવરોના આચારનું વર્ણન છે.

**૩૬. શ્રી ઓઘનિર્યુક્તિ સૂત્ર :-** આ સૂત્રમાં મુનિઓને ધર્મારાધનામાં મદદગાર આહારાદિનું વિસ્તારથી વર્ણન છે.

**૩૭. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર :-** આ સૂત્રમાં શ્રી ચતુર્વિધ સંઘને મોક્ષમાર્ગની આરાધના કરાવનાર વિનયાદિનું તથા વૈરાગ્ય, શીલ, તપશ્ચર્યા, કર્મ, જીવાદિ તત્વ વિગેરે પદાર્થોનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું છે.

**૩૮. શ્રી નંદી સૂત્ર :-** આ સૂત્રમાં પાંચ જ્ઞાન વિગેરેનું તથા અંતે બાર અંગોનું પણ ટુંક વર્ણન કર્યું છે...

**૩૯. શ્રી અનુયોગ દ્વાર સૂત્ર :-** આ સૂત્રમાં ઉપક્રમાદિ ચાર પ્રકારના અનુયોગ વિગેરે પદાર્થોનું સ્પષ્ટ વર્ણન કર્યું છે... ઉપક્રમ, નિક્ષેપ, અનુગમ અને નય એમ ચાર દરવાજાનું વિસ્તારથી વર્ણન કર્યું છે.

**૪૦ થી ૪૫. શ્રી છ છેદ સૂત્ર :-** આ છ છેદ સૂત્રોમાં પ્રાયશ્ચિત, પાંચ વ્યવહાર અને મુનિવરોના આચારાદિનું વર્ણન વિસ્તારથી કર્યું છે.

ઉપર પરિચય કરાવેલા પિસ્તાલીસ આગમ સત્ય છે.... અનુત્તર છે... કેવલી શ્રી તીર્થંકર ભગવંતોએ કહેલા છે.

આગમો પ્રતિપૂર્ણ તથા ન્યાયમાર્ગને અનુસરનારા છે. સર્વથા શુદ્ધ છે. આત્માને ત્રણ શલ્ય મુક્ત બનાવનાર છે આ આગમો મુક્તિમાર્ગને આરાધવામાં અસાધારણ કારણ છે. સર્વજ્ઞકથિત આગમોમાં ક્યાંય શંકાને સ્થાન છે જ નહીં. આગમનો સાત્વિક આરાધક નિશ્ચલ ત્રિવિધ દુઃખોનો નાશ કરી સિદ્ધિપદને પામે છે.... તેથી જ આગમો નિર્વાણરૂપી નગરમાં પહોંચવાના માર્ગરૂપ કહેવાય છે.

આ આગમો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખી નિઃસંદેહ બની યથાશક્તિ જીવનમાં ઉતારી આત્મકલ્યાણ સાધવા ઉદ્યમશીલ બનીએ.